બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૧૦, જુલાઈ, ૨૦૧૧)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ચોવીસમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમે ઘનશ્યામના પિતાશ્રીને ગામમાંથી બોલાવી લાવો.'' (૩૩/૬૦) ➪ ધોબી (મંછા ધોબી) - બાળકોને

➪ મીન સરોવરના ઊંડા પાણીમાં તળિયે જઈને બેસી ગયેલા ઘનશ્યામને શોધતાં બાળકોએ મંછા ધોબીને ઘનશ્યામને શોધી આપવાનું કહ્યું. ધોબીએ ઘનશ્યામને પાણીમાં ખૂબ શોધ્યા તો પણ મળ્યા નહિ ત્યારે કહે છે.

૨. ''કથામાં પ્રશ્ન પૂછો તો કથામાં ખલેલ પડે.'' (૪૧/૭૪) ➪ વ્રજવિહારી બ્રાહ્મણ - ઘનશ્યામને

➪ વિદ્યાકુંડ મંદિરમાં વ્રજવિહારી નામે બ્રાહ્મણ રામાયણની કથા કરતો હતો તે કથા બંધ રખાવી વૈરાગ્ય સંબંધી પ્રશ્નો ઘનશ્યામે બ્રાહ્મણને પૂછ્યા ત્યારે.

૩. ''તમે આ ઝાડ પર ઊંચે ચડીને પશ્ચિમ દિશા તરફ શું જોયા કરો છો ?'' (૧૮/૨૯) ➪ વેણી - ઘનશ્યામને

➪ બાળમિત્રો સાથે રમવાનું છોડીને ઘનશ્યામ પીપળાના ઝાડ પર ચડી કેટલીક વાર સુધી પશ્ચિમ દિશા તરફ જોતાં ઝાડ પર બેસી રહે. એક દિવસ આ રીતે ઝાડ પરથી ઘનશ્યામ નીચે ઊતર્યા કે તરત જ વેણીએ ઘનશ્યામને પૂછ્યું.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ઘનશ્યામને મારવા માટે કોટરાને કોણે મોકલી હતી ? (૨/૪)

જ. ઘનશ્યામને મારવા માટે કોટરાને કાલિદત્તે મોકલી હતી.

૨. ઘનશ્યામે ગૃહત્યાગ ક્યારે કર્યો ? (સંવત, તિથિ) (૪૬/૮૧)

જ. સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમના દિવસે ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો.

૩. ઘનશ્યામે કયા ત્રણ મલ્લોને હરાવ્યા ? (૨૧/૩૨)

જ. ઘનશ્યામે માનસંગ, દિલ્લીસંગ અને ભીમસંગ નામના ત્રણ મલ્લોને હરાવ્યા.

૪. ઘનશ્યામની પરીક્ષા કરવા માટે ધર્મદેવે બાજોઠ ઉપર કઈ ત્રણ વસ્તુ મૂકી ? (૫/૮)

જ. ઘનશ્યામની પરીક્ષા કરવા માટે ધર્મદેવે બાજોઠ ઉપર એક સોનામહોર, એક પુસ્તક અને એક નાની તલવાર મૂકી.

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **ભાભીનો વિલાપ :** રામપ્રતાપભાઈ પણ દિલગીર થઈ ગયા. તેમને પણ ચિંતા થવા લાગી. અયોધ્યામાં જે જે મંદિરમાં ઘનશ્યામ દર્શને જતા હતા તે બધાં જ મંદિરમાં તપાસ કરી આવ્યા, પણ ઘનશ્યામ મળે જ નહિ. (૪૭/૮૩)

૨. **કંદોઈને પરચો :** કંદોઈને સોનાની વીંટીનો લોભ જાગ્યો. તેણે બધી જ મીઠાઈઓ ટોપલામાં ભરી આપી. ઘનશ્યામ તો તે બધું જ લઈને મિત્રો સાથે વાડીએ ઉજાણી કરવા નીકળી ગયા. (૨૨/૩૬)

૩. **કાશીમાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન :** અદ્વૈતવાદી પંડિતોએ ચર્ચાની શરૂઆત કરતાં કહ્યું : 'બધું જ બ્રહ્મ છે. બ્રહ્મ જ સત્ય છે. તે સિવાય બધું જ મિથ્યા છે.' દ્વૈતવાદી પંડિતો કહે : 'ના, બ્રહ્મ, જીવ અને જગત એમ બધું સાચું છે.' (૪૩/૭૬)

૪. **લક્ષ્મીજીને વરદાન :** હું લક્ષ્મીજીની સખી છું. મને લક્ષ્મીજીએ ચકલીનું રૂપ લઈને તમારી પાસે આવવાનું કહ્યું હતું. મારી ચાંચ તમારી હથેળીમાં વાગી હશે. માટે મને માફ કરો. (૭/૧૦)

**પ્ર.૪ નીચેના આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. ખીચડીને બદલે દૂધપાક (૯/૧૩)**

૧. ઘનશ્યામને ભૂખ લાગતાં તેમને ટાઢી ખીચડી ખાવા માટે આપી ભક્તિમાતા ગાય દોહવા ગયા.

૨. ગોમતી ગાયને ઘનશ્યામ પર બહુ વ્હાલ હોવાથી ઘનશ્યામને દૂધ પીવું હોય તો ગમે ત્યારે દૂધ આપતી.

૩. ઘનશ્યામે ગાયના આંચળ નીચે પવાલું ધરતાં પવાલું ભરાઈ ગયું અને ભક્તિમાતાએ મૂકેલી મોટી દોણી પણ દૂધથી ભરાઈ ગઈ છતાં દૂધની ધારા ચાલુ.

૪. ગભરાયેલા ભક્તિમાતાને થયું જો દૂધની ધારા બંધ નહિ થાય તો બધા વાસણ ભરાઈ જશે તો ! માતાની ગભરામણ દૂર કરવા ઘનશ્યામની ઈચ્છાથી દૂધની ધારા બંધ થઈ.

૫. આટલું બધું દૂધ હોવાથી ભક્તિમાતાએ ઘનશ્યામને ખીચડી ખાવાની ના પાડી. દૂધપાક-પૂરીની રસોઈ કરીને પ્રેમથી જમાડ્યા.

**૨. એકાદશીનો મહિમા (૩૧/૫૫)**

૧. એકાદશીના દિવસે ઘનશ્યામે હનુમાનમઢીના મહંત મોહનદાસ પાસે કથાના વર્ણનમાં એકાદશીનો મહિમા સાંભળ્યો કે એક એકાદશી કરીએ તો હજાર અશ્વમેઘ યજ્ઞ જેટલું ફળ મળે.

૨. ઘનશ્યામે બાવાજીને પૂછ્યું કે એકાદશીનો આટલો મહિમા હોવા છતાં ઘણા લોકો એકાદશી નથી કરતા, તેનું શું કારણ હશે ?

૩. મોહનદાસ બાવાએ મનુષ્યદેહ દુર્લભ છે, તેથી તેને એકાદશી કરીને કષ્ટ ન આપવું. જગન્નાથપુરીમાં એકાદશી ઊંચી બાંધી છે, ત્યારથી લોકો એકાદશી કરતાં નથી એમ અવળો મહિમા સમજાવ્યો.

૪. આવો ખોટો ઉપદેશ સાંભળી ઘનશ્યામે બાવાને સમજાવવા પ્રયત્ન કર્યો તો બાવો તેમની સામે તાડૂક્યો તેથી ઘનશ્યામે બાવાને સમાધિમાં યમદૂતો દ્વારા માર ખવડાવી તેની સાન ઠેકાણે લાવી દીધી.

૫. સમાધિમાંથી જાગેલા બાવાએ લોકોને ઘનશ્યામનો મહિમા કહ્યો અને ઘનશ્યામ આગળ નિયમિત એકાદશી કરવાનો અને લોકોને પણ એકાદશી કરવાનો ઉપદેશ આપવાનો નિયમ લીધો.

**૩. વાંદરાને સમાધિ (૧૫/૨૩)**

૧. અસુરોના ત્રાસથી બચવા ધર્મપિતાએ છપૈયા છોડી અયોધ્યામાં બરહટ્ટા શેરીમાં વસવાટ કર્યો.

૨. એક સાંજે ધર્મપિતાની બાજુમાં ઓસરીમાં જમવા બેઠેલા ઘનશ્યામ પાસેથી એક વાંદરો વીસેક જેટલી રોટલી ઉપાડી ઝાડ પર પહોંચી ગયો.

૩. વાંદરો ઝાડ ઉપર બેસીને રોટલીનું બટકું ભરવા ગયો ત્યાં ઘનશ્યામે દૃષ્ટિ કરી અને વાંદરાને સમાધિ થઈ ગઈ.

૪. ત્રણ દિવસે સમાધિમાંથી જાગ્રત થયેલો વાંદરો ઘનશ્યામના પગ પાસે હાથ જોડીને બેસી ગયો.

૫. ઘનશ્યામે વાંદરાને આશીર્વાદ અને થોડું ખાવાનું આપતાં વાંદરો પ્રસાદી ખાઈને ઝાડ પર પાછો ચાલ્યો ગયો.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૮/૧૩) **૨.** ૧, ૪ (૨૭/૪૭) **૩.** ૩, ૪ (૩૯/૬૯) **૪.** ૧, ૨ (૧૨/૧૮)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. બંને માસીઓએ ઘનશ્યામની માફી માગી. (૩૫/૬૪)

જ. બંને માસીઓ પ્રભાતિયાં ગાતી હતી તેથી ઘનશ્યામ કહે હું તો જાગું જ છું. ત્યારે માસીને પ્રતીતિ કરાવવા ઘનશ્યામે ઘંટી પર પોતાનો હાથ દાબી દીધો. ઘંટી ફરે જ નહિ. માસીઓએ માફી માંગતા કહ્યું અમે તમને જ જગાડીએ છીએ. તમો જ ભગવાન છો. તમારા ચમત્કારની અમને આજે ખબર પડી.

૨. વૈદ્ય અશ્વિની કુમારે ઘનશ્યામને પાટો બાંધ્યો. (૨૩/૩૯)

જ. તરગામની તળાવડીને કાંઠે આવેલા આંબલીના ઝાડ પર રમીને નીચે ઊતરતાં ઘનશ્યામનો પગ લપસતાં જમણા પગની સાથળમાં ખાંપો વાગતાં લોહીની ધાર વહેવા લાગી. તેટલામાં તો આકાશમાંથી ઈંદ્ર, ચંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવો આવ્યા. ઈંદ્રદેવે આકાશવાણી કરી દેવોના વૈદ્ય અશ્વિનીકુમારને બોલાવ્યા. તેઓએ ઘનશ્યામને દવા લગાડી પાટો બાંધી આપ્યો.

૩. ઘનશ્યામે લક્ષ્મીબાઈને પાઠ શીખવવાનું નક્કી કર્યું. (૩૦/૫૪)

જ. પોતાના ઘરમાં છાનામાના માખણ અને સાકર ખાતાં ઘનશ્યામને જોઈને લક્ષ્મીબાઈ ભક્તિમાતાને ફરિયાદ કરતાં કહેવા લાગી માતાજી! તમારો ઘનશ્યામ રોજ આવીને ચોરી કરે છે. ઘી, દૂધ, માખણ વગેરે ખાઈ જાય છે. 'હું કાંઈ ખોટું નથી

કહેતી. હવે તો ઘનશ્યામ આવે એટલે હાથપગ બાંધીને તમને બતાવું. આખા ગામને બતાવું કે તમારો ઘનશ્યામ ચોર છે કે શાહુકાર.' આ સાંભળીને ઘનશ્યામે લક્ષ્મીબાઈને પાઠ શીખવવાનું નક્કી કર્યું.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, સત્તરમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૦)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''મારું ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.'' (૪/૫) ➪ ઝીણાભાઈ - ઠેઠ નિશાળિયાઓને

➪ શિક્ષક દાખલા ગણાવે ત્યારે કોઈ કોઈ વિદ્યાર્થી ઝીણાભાઈને કહે : 'બતાવ તારી પાટી, નહિ તો મારીશું.' ત્યારે ઝીણાભાઈ નીડરપણે કહેતા.

૨. ''તમારું યુવકમંડળ ઘણું વધી જશે.'' (૨૫/૩૫) ➪ યોગીજી મહારાજ - યુવકોને

➪ શરૂઆતમાં યુવક મંડળમાં બહુ થોડા યુવકો ભેગા થાય. તેથી યુવકો ઘણી વાર હતાશ થઈ જાય. ત્યારે સ્વામીશ્રી તેમને હેતથી કહેતા.

૩. ''એમાં શો અપરાધ થયો ?'' (૨૦/૩૦) ➪ નિર્ગુણદાસ સ્વામી - યોગીજી મહારાજને

➪ મુસાફરીમાં ઠાકોરજીને સમયસર પાણી ન પીવડાવી શક્યા તેથી યોગીજી મહારાજ વારંવાર દંડવત્ કરતાં કહે છે અપરાધ થઈ ગયો. અમારી ભૂલ માફ કરજો ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)** **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. યોગીજી મહારાજે દેહત્યાગ ક્યારે કર્યો ? (સંવત, તિથિ) (૩૦/૪૬)

જ. યોગીજી મહારાજે સંવત ૨૦૨૭ના પોષ વદ એકાદશીના દિવસે દેહત્યાગ કર્યો.

૨. યોગીજી મહારાજે કયાં બે શિખરબદ્ધ મંદિરો બંધાવ્યાં ? (૨૮/૪૦, ૪૧)

જ. યોગીજી મહારાજે અમદાવાદ (શાહીબાગ) અને ભાદરા (ગુણાતીત નગર) એમ બે શિખરબદ્ધ મંદિરો બંધાવ્યા.

૩. ત્રિભોવનદાસે કોને મૂઢ માર માર્યો ? (૩/૩)

જ. ત્રિભોવનદાસે ચંદુ નામના છોકરાને મૂઢ માર માર્યો.

૪. ગોંડલ મંદિરમાં યોગીજી મહારાજને કાળો નાગ શરીરમાં ક્યાં કરડ્યો હતો ? (૨૧/૩૧)

જ. ગોંડલ મંદિરમાં યોગીજી મહારાજને કાળો નાગ શરીરમાં ડાબા હાથની પહેલી આંગળીએ કરડ્યો હતો.

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : શ્રીજી સ્વામી વશ છે. (૧૯/૨૭-૨૮)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૧ | ૩ | ૫ | ૭ | ૧૦ | ૧૧ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૧૧ | ૫ | ૧ | ૧૦ | ૭ | ૩ |

**નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ <u>તમામ</u> અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચુ ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવા.**

**પ્ર.૧૦** 'ગુરુભક્તિ' (૨૩/૩૩-૩૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

યોગીજી મહારાજ રોજ એક વખત જમે. દર ત્રીજે દિવસે નિર્જળા ઉપવાસ કરે ને ઉનાળાના તાપમાં ગામેગામ ફરતાં ને સેવા કરતા. આથી યોગીજી મહારાજને સારણગાંઠ થઈ હતી. સંવત ૧૯૯૩માં રાજકોટના ડૉ. એસ્પિનોલે યોગીજી મહારાજને ઓપરેશન કરાવવું પડશે તેમ જણાવ્યું. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી હીરજીભાઈએ રૂમ રખાવી યોગીજી મહારાજને દાખલ કર્યા. તે વખતે શાસ્ત્રીજી મહારાજ ગોંડલમાં દવા કરાવતા હતા. શિયાળાની કડકડતી ઠંડીમાં વહેલી સવારે શાસ્ત્રીજી મહારાજ ગોંડલથી રાજકોટ આવ્યા ને ઓપરેશન થિયેટરમાં જતાં યોગીજી મહારાજની દૃષ્ટિ શાસ્ત્રીજી મહારાજ પર પડતાં જ સૂતાં સૂતાં પ્રણામ કર્યા. શાસ્ત્રીજી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. ડૉક્ટરે કુશળતાપૂર્વક ઓપરેશન પૂરું કર્યું. યોગીજી મહારાજની રૂમમાં ટેબલ પર હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવેલી નીચે હરિભક્તો બેસી ગયેલા. શાસ્ત્રીજી મહારાજ ખુરશીમાં બેસી માળા ફેરવતાં હતા. બે કલાકે ભાનમાં આવતાં જ યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને હાથ જોડ્યા અને પાસે બેઠેલા હરિભક્તને પૂછ્યું 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું' ? યોગીજી મહારાજની શાસ્ત્રીજી મહારાજ સાથેની એકતા ને ગુરુભક્તિ જોઈ આશ્ચર્યચકિત થયેલા ડૉ.એસ્પિનોલને થયું, આ યોગીપુરુષ બેભાન નહિ પણ દિવ્ય સમાધિમાં હોવા જોઈએ, તો જ જાગ્રત થતાં ગુરુજીને સંભારે. કારણ કે તે વખતે યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની સેવામાં હતા અને રોજ તેમને દવા સાથે દૂધ પાતા હતા, તે અહીં સાંભરી આવ્યું. કેવી એકતા ! કેવી ગુરુભક્તિ !

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. યોગીજી મહારાજનું જીવન સૌને સેવાભાવી થવાનું શીખવે છે. (૧૬/૨૨-૨૪)

જ. યોગીજી મહારાજ રોજ સવારે વહેલા ઊઠીને ત્રણસો રોટલા ઘડતા, કૂવામાંથી સૌને નાહવાનું, પીવાનું અને રસોઈનું પાણી સીંચીંને ભરતા, પીરસતાં, સૌને જમાડી છેલ્લે જમતાં અને મોટાં-મોટાં વાસણ મોડે સુધી ઊટકતાં. આ જોતાં તેમનું જીવન આપણને સેવાભાવી થવાનું શીખવે છે.

૨. ગરાસિયા ભક્તે ઝીણા ભગતને કહ્યું, 'તમે તો મહાન સદ્‌ગુરુ થશો.' (૧૧/૧૫)

જ. ઊર્ધ્વરેખાવાળા સત્પુરુષ તો કોઈક જ હોય અને તેવા સત્પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય. તેમની પાછળ લાખો મનુષ્ય ફરે તથા તેમની સેવા માટે પ્રાર્થના કરે તેમજ શ્રીજીમહારાજ તેમનાથી એક ક્ષણ પણ જુદા ન રહે. તેથી જ્યોતિષ-શાસ્ત્રના વિદ્વાન તથા સામુદ્રિક ચિહ્નના જાણકાર ગરાસિયા ભક્તે યોગીજી મહારાજના પગમાં ચમત્કારીક ઊર્ધ્વરેખા જોઈને કહ્યું તમે તો મહાન સદ્‌ગુરુ થશો.

૩. યોગીજી મહારાજે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ ઉપર હાથ મૂકયા. (૩૩/૫૦)

જ. શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસને અમદાવાદમાં સંસ્થાના પ્રમુખ કર્યા. ત્યારે પાસે બેઠેલા યોગીજી મહારાજને સ્વામીશ્રીએ કહ્યું : 'તમો તેમના પર હાથ મૂકો. તમારા જેવા ગુણ આવે.' આમ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા થવાથી યોગીજી મહારાજે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ ઉપર હાથ મૂકયા.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, સત્તરમી આવૃત્તિ - ડિસેમ્બર, ૨૦૦૯)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. અજામિલને તેડવા આવેલા યમદૂતો શાથી ચાલ્યા ગયા ? (૨/૨)

જ. અજામિલ એક જ વખત એના છોકરાનું નામ 'નારાયણ' બોલ્યો તો તેને તેડવા આવેલા યમદૂતો તરત જ ચાલ્યા ગયા.

૨. યજ્ઞપુરુષદાસજીને દીક્ષા કોણે આપી હતી ? (૧૭/૩૯)

જ. યજ્ઞપુરુષદાસજીને આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે દીક્ષા આપી હતી.

૩. ભૂમાનંદ સ્વામીને ચાર દિવસના ઉપવાસ પછી શું જમવા મળ્યું ? (૧૨/૨૨)

જ. ભૂમાનંદ સ્વામીને ચાર દિવસના ઉપવાસ પછી જમવામાં ઘઉંનો પોંક મળ્યો.

૪. સામત પટેલ શ્રીજીમહારાજને આપવા માટે સાડા ચાર હજાર રૂપિયા કેવી રીતે લાવ્યા ? (૧૧/૨૦)

જ. સામત પટેલ શ્રીજીમહારાજને આપવા માટે સાડા ચાર હજાર રૂપિયા જમીન, ભેંસો, ગાડું, બળદ બધું વેચીને લાવ્યા હતા.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફકત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૪ (૭/૧૧, ૧૨, ૧૪) **૨.** ૩, ૪ (૪/૭) **૩.** ૩, ૪ (૨૧/૪૬) **૪.** ૩, ૪ (૨૨/૪૮)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

**૧.** જેતલપુર (૭/૧૧) **૨.** સુરાખાચર (૧૪/૨૫) **૩.** સ્વામિનારાયણ ભગવાન (૪/૫) **૪.** ડભાણ (૧૫/૨૯)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુધારી, પ્રભુ (૨) પામર પતિત ઉદ્ધાર્યા, (૨) અગણિત નરનારી. જય
નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી, પ્રભુ (૨) અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી. (૯/૧૭)

૨. અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે, સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.
જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી, પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી. (શૌર્યગીત)

૩. સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્ । ઈષ્ટકામ પ્રસિદ્ધયર્થં પુનરાગમનાય ચ ॥ (૫/૧૦)

૪. પ્રગટ હરિ ગુરુ દર્શન આપો, પ્રભુ તવ નામના જપીએ જાપો,
તવ મૂર્તિ નિત્ય હૃદયે ધારી ....શ્રી હરિ
સદ્‌બુદ્ધિ સદ્‌ગુણ પ્રભુ આપો, અભય કર મુજ શિર પર સ્થાપો, વિઘ્ન સકળને સદ્ય વિદારી (૩/૪)

**પ્ર.૧૬** ''ભગવાન પોતાના ભક્તની ......'' (૧૬/૩૫) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**''ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા જ બેઠા જ છે. કેની પેઠે તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.''**

ભક્ત પ્રહ્‌લાદ, ધ્રુવ, નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરે ભક્તોએ ખૂબ ભજન કર્યું તો ભગવાને તેમની રક્ષા કરી. શ્રીજીમહારાજ પણ પોતાના ભક્તોની એવી જ રક્ષા કરે છે. ભડલી ગામના નાજા ભક્ત ગોવાળિયાઓનો ત્રાસ વધવાથી ભોંયરા ગામમાં જઈને રહેતા હતા. અહીંના રાજા વાસુરખાચરને તેમણે શ્રીજીમહારાજનો મહિમા કહ્યો. રાજાએ કહ્યું, 'જો તારા ભગવાન સાચા હોય તો કાલે અહીં આવીને દર્શન દે, નહિ તો તારા ઢીંચણ ભાંગી નાખીશ.' મહારાજને આ વાતની વિસનગરમાં ખબર પડી. નાજા ભક્તને ચિંતા થઈ કે મહારાજ વિસનગરથી એક રાતમાં અહીં કેવી રીતે આવી શકશે ? રાજા તો બહુ ક્રૂર હતો. મહારાજ નાજા ભક્તની રક્ષા માટે વિસનગરથી નીકળ્યા રસ્તામાં વઢવાણ પાસે નદીમાં પૂર આવ્યું હતું તે પૂરના પાણી પર ચાલીને વહેલી સવારે ભોંયરા આવી પહોંચ્યા. પાદરમાં એક ચારણ મળ્યો. તેની સાથે રાજાને કહેણ મોકલ્યું કે નાજાના ભગવાન આવી ગયા છે. ડેલી ઉઘાડી ત્યારે નાજાએ મહારાજને જોયા. ખૂબ આશ્ચર્ય થયું. તે મહારાજના ચરણમાં પડ્યો. સવારે મહારાજ નાજા સાથે દરબારમાં પધાર્યા. અહીં તેમને અનેક દુઃખી લોકોના અવાજ સંભળાયા. મહારાજે જાણ્યું કે આ ક્રૂર રાજા લોકો ગુનામાં આવે ત્યારે તેના ઢીંચણ ભાંગી નાખે છે. રાજા જ્યારે મહારાજ સામે આવ્યો ત્યારે મહારાજના દર્શનથી તેને સમાધિ થઈ અને સમાધિમાં યમના હાથનો ખૂબ માર ખાધો. મહારાજની ઈચ્છાથી થોડીવાર પછી સમાધિમાંથી પાછો આવી મહારાજના ચરણોમાં પડી ગયો અને પોતાના ગુનાઓ બદલ મહારાજની માફી માંગી. તેને નિશ્ચય થયો કે 'સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે.' કોઈને પણ નિર્દયપણે દંડ ન કરવો તેવી આજ્ઞા રાજાને મહારાજે આપી તેને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો. આમ, ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા માટે ગમે તે રીતે ગમે ત્યારે ગમે ત્યાં પહોંચી જ જાય છે.

પ્ર.૧૭ 'વીર ભગુજી' (૧૦/૧૮) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો.**

**(સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. શ્રીજીમહારાજના અંગત સેવક ભગુજી દાદાખાચરના ખેતરોની સંભાળ રાખતા કોઈ કાઠી કે ગરાસિયો તેમની સામે લડવા તૈયાર ન થાય.

૨. ભડલીના ભાણખાચરે ભગુજીનું માથું લાવનારને જમીન અને ઈનામ આપવાનું જાહેર કરતાં ખબડ અને મતારો નામના બે ભાઈઓ હુમલો લઈને આવતા ભગુજીએ ખબડને મારી નાખ્યો, મતારો જીવ લઈને ભાગ્યો.

૩. ભગુજીને અઢાર ઘા વાગતા મહારાજે ગામમાં આરતી ઝાલરો, નગારાં બંધ કરાવી વાળંદ પાસે સારવાર કરાવતાં વાળંદે જમીનની લાલચમાં ઘામાં કબૂતરની ચરક નાખી, કોઈએ ઝાલર વગાડી જેથી ભગુજીને શૂરાતન ચડે ને ઉભા થાય તો ટાંકા તૂટી જાય અને મરી જાય.

૪. મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને તેમની પાસે બેસાડી કાળ આવે તો મારીને ભગાડવાની આજ્ઞા કરી.

૫. ભાવનગરના વજેસિંહ બાપુએ પોતાના સૈન્યમાં ભગુજી જોડાય તો મહિને રૂપિયા ત્રણસો ને પાંચસો ઘોડેસવારોની સરદારી આપવાની વાત કરી ત્યારે ભગુજીએ કહ્યું : 'મારે તો સ્વામિનારાયણ ભગવાન જોઈએ છે, બાકીનું જીવન તેમની સેવામાં જ પૂરું કરવું છે.'

❑ ❑ ❑